જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૭/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૫૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૮ કેસ કરી, ૫૬ વ્યક્તિઓને ઝડપી, ૩૧૧ લીટર દેશી દારૂ, ૧૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૦૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૯૩ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી, ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૪૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૯૫૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૯૫૨/૨૦૨૬**

ક્રાઈમ બ્રાન્ચઃ પવનભાઈ માધવદાસ મોતયાની (ઉ.વ.૪૦)(રહે.ધુપસળી સોસાયટી, તલાવડી સર્કલ પાસે હાંસોલ) એ તા.૦૭/૦૭/૨૦૨૬ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને–૨૦૧૭ થી તા.૧૩/૦૮/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન રાયપુર, ન્યુ ક્લોથ માર્કેટ સામે, સફલ–૩ ખાતે આવેલ પવનભાઈની "મંજુ ક્રિએશન" નામની પેઢીમાંથી આરોપી (૧) નરેન્દ્રભાઈ મોહનદાસ ખેમનાની (રહે.મારૂતિ રેસીડેન્સી રણમુક્તેશ્વર મહાદેવ મંદિર, સરદારનગર) અને (૨) રાજુભાઈ ખેમનાની (રહે.નીલામણી ફ્લેટ, રણમુક્તેશ્વર મહાદેવ મંદિર પાસે, સરદારનગર) એ ભેગા મળી ડ્રેસ મટીરીયલ્સનો માલ કુલ–૮૦ બીલ દ્વારા રૂપિયા ૧૫,૦૯,૧૮૦/– ખરીદ કરી તે પેટે બાકી નિકળતા રૂપિયા ૩,૧૬,૮૧૬/– પેટે આપેલ કોટક મહિન્દ્રા બેંકના ચેકનું સ્ટોપ પેમેન્ટ કરાવી, તેમજ સને–૨૦૨૧ માં તેઓને ધંધા માટે આપેલ રોકડ રૂપિયા ૨૪,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૨૭,૧૬,૮૧૬/– તેમજ આરોપી રાજુ ખેમનાની નાને ધંધા માટે આપેલ રોકડ રૂપિયા ૨૫,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૫૨,૧૬,૮૧૬/– આજદીન સુધી પરત નહિ આપી પવનભાઇ મોતયાની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.ડી.સિસોદીયા ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ સુધીરભાઈ સ/ઓ ભોગીલાલ શાહ (ઉ.વ.૭૬)(રહે. ક્રિષ્ના ટાવર, સચીન ટાવર સામે, આનંદનગર રોડ) એ તા.૦૭/૦૭/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૬/૨૦૨૬ થી તા.૧૭/૦૬/૨૦૨૬ દરમ્યાન મોબાઇલ નંબરો 8730971453 અને +919863413584 ના ધારકોએ "યુનિયન બેંકના કર્મચારી" હોવાની ઓળખ આપી સુધીરભાઇ શાહને વિશ્વાસમા લઈ, બેંક સબંધીત મદદ કરવાના બહાને સુધીરભાઇના મોબાઇલ ફોનની વોટસએપ એપ્લિકેશનમાં ખોટા નામથી "customersupport.apk " નામની ફાઇલ મોકલી, સુધીરભાઇના મોબાઇલનો એક્સેસ મેળવી લઇ, તેમના બેંક ખાતાના ડેબિટકાર્ડની વિગતો મેળવી લઈ, તેમના Union Bank of India બે અલગ–અલગ ખાતાઓમાંથી તેમજ સુધીરભાઇ તથા તેમની પુત્રીના જોઇન્ટ ખાતામાંથી મળી કુલ રૂપિયા ૧૧,૪૨,૦૦૦/– ટ્રાન્સફર કરી લઈ સુધીરભાઇ શાહ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.વી.બરવાળીયા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૯૫૩/૨૦૨૬**

વટવાઃ સુશીલાબહેન જયંતીભાઇ સોલંકી (રહે. રાધે ઓમ સીટી, વટવા ડી માર્ટ સામે, વટવા) એ તા.૦૭/૦૭/૨૦૨૬ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૭/૨૦૨૬ સવારના ૧૦/૦૦ થી તા.૦૭/૦૭/૨૦૨૬ સવારના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોનાના દાગીના કુલ કિમત રૂપિયા ૮,૬૦,૦૦૦/– મતાના ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.એ.વછેટા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૯૫૪/૨૦૨૬**

કાગડાપીઠઃ અક્ષયભાઇ સ/ઓ ગૌતમચંદ ચોરડીયા (ઉ.વ.૩૦)(રહે.પ્લેટીનીયમ હાઇટ્સ, હાથી સર્કલ પાસે, શાહીબાગ) એ તા.૦૭/૦૭/૨૦૨૬ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૭/૨૦૨૬ રાતના ૯/૩૦ થી ૧૦/૨૦ વાગ્યા દરમ્યાન સફલ–૧ સામે, ઇસ્કોન કોમીર્શીયલ કોમ્પલેક્ષ ખાતે આવેલ "વીઆઇપી માર્કેટ" નામની અક્ષયભાઇની દુકાનમાં નોકરી કરતા આરોપી સંજય તથા તેની સાથે આવેલ અજાણ્યા પુરૂષોએ ભેગામળી અક્ષયભાઇની "V.I.P માર્કેટ" દુકાનમાંથી કુર્તી, થ્રી પીસ અને ટુ પીસ ના અંદાજીત નંગ– ૧૪૪૦ કુલ કિમત રૂપિયા ૪,૮૨,૦૦૦/– ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.આર.બલાત ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૯૫૫/૨૦૨૬**

વેજલપુરઃ સમીર સિરાજભાઇ અજમેરી (ઉ.વ.૨૬)(રહે.અલરહેમાની સોસાયટી મુશ્કાન ગાર્ડન વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૭/૨૦૨૬ રાતના ૧૧/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પ્રો.મ.સ.ઇ.શ્રી દેવરાજભાઇ ધીરજીભાઇ ચલાવે છે.

કાગડાપીઠઃ બહેરામપુરા ટીમ્બર માર્કેટ ગોડાઉન નંબર.૭/સી, ક્રિષ્ના કાર્ડસ ખાતે રહેતા સાજીદબાબુ ઉર્ફે રાજા સ/ઓ લાલબાબુ શેખ (ઉ.વ.૨૦)(મુળ વતન. ગામ–બીરા છાપરાં પો.સ્ટ.ભોરહા મોહનપુર જી.શિવહર બિહાર) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૭/૨૬ સવારનાં ૧૦/૪૫ વાગ્યા પહેલા બહેરામપુરા ટીમ્બર માર્કેટમાં આવેલ ગોડાઉન નંબર–૭/સી "ક્રીષ્ના કાર્ડ" ખાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.પટેલીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી